## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

**ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ**

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' પચીસમી આવૃત્તિ : મે ૨૦૦૮ના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** ગ. પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સા-૭, પં.૩, ૭.

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. સર્વ સાધન કરતાં કયું સાધન મોટું છે ? (પ્ર.૬૦/૧૧૧)

જ. સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે.

૨. ભગવાનના ભક્તે ભગવાનનું સ્વરૂપ કેવી રીતે સમજવું અને બીજા આગળ શી વાર્તા કરવી ? (પ્ર. ૭૧/૧૪૪-૧૪૫)

જ. ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.

૩. પ્ર.૨૭ મુજબ કોને અતિ મોટા જાણવા ? (પ્ર.૨૭/૪૬)

જ. સામર્થીએ યુક્ત થકો પણ અન્ય જીવના માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે; કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહીં, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા.

૪. હરિભક્તને જેટલી કસર રહે છે તે શેને લીધે રહે છે ? (પ્ર.૨૦/૩૧)

જ. હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. નારદ સનકાદિક જેવા સુખીયા થવાનો ઉપાય જણાવો. (પ્ર.૨૦/૩૧)

જ. જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવલ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ- સનકાદિક જેવો સુખિયો થાય છે.

૨. શ્રીહરિના મતે નાસ્તિકપણાનો હેતુ શું છે ? (પ્ર. ૬૮/૧૩૫)

જ. નાસ્તિકપણાના હેતુ તો નાસ્તિકના ગ્રંથ સાંભળવા એ જ છે અને નાસ્તિકના ગ્રંથને વિષે જેને પ્રતિતી હોય તેનો જે સંગ તે પણ નાસ્તિકપણાનો હેતુ છે.

૩. પં.૭ પ્રમાણે તત્ત્વે કરીને ભગવાનને ક્યારે જાણ્યા કહેવાય ? (પં.૭/૩૪૪)

જ. તે આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય-તેજે યુક્ત છ તેવું ને તેવું જ પ્રત્યક્ષ મનુષ્યસ્વરૂપ ભગવાનને વિષે જાણવું; તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય.

૪. પ્ર.૧૯ મુજબ એકાંતિક ભક્ત થવા માટે પ્રીતિ તથા આત્મનિષ્ઠા એ બંને ને વૈરાગ્ય સાથે પરસ્પર શી અપેક્ષા છે ? (૧૯/૨૯)

જ. શ્રીહરિને વિષે પ્રીતિ અને આત્મનિષ્ઠા એ બેય હોય પણ જો દઢ વૈરાગ્ય ન હોય તો માયકિ પંચવિષયને વિષે આસક્તિએ કરીને તે પ્રીતિ અને આત્મનિષ્ઠા તેની સિદ્ધિ થાતી નથી; અને વૈરાગ્ય તો હોય તો પણ જો પ્રીતિ અને આત્મનિષ્ઠા ન હોય તો શ્રીહરિના સ્વરૂપ સંબંધી જે પરમાનંદ તેની પ્રાપ્તિ થાતી નથી.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતમાંથી કોઈપણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૩ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **હવેલી (પ્ર.૧૮/૨૬) દૃષ્ટાંત :** એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈથેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારના વાજિત્રં વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજા જાતનું થઈ જાય છે. અને તૃણની ઝૂંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરસહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે.

**સિદ્ધાંતઃ** સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ બીજી રીતનું થાય છે તેને જો વિચારીને જુએ તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી. માટે આ વાર્તા છે તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને જે કાંઈક વિવેકી હોય અને કાંઈક ભગવાનનો આશ્રિત હોય તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે.

૨. **નાવ અને સમુદ્ર (પ્ર.૩૭/૬૫) દૃષ્ટાંત :** એવી સાકારપણાની નિષ્ઠા વિનાના જે જીવ છે તે પોતાના સાધનને બળે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે, પણ એવા પરમેશ્વરના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છતા નથી. એવા જે જડમતિવાળા પુરષ છે તે તો જેમ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઈચ્છે તેવા મૂર્ખ છે. અને જે એવા ભગવાનને પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે. **સિદ્ધાંતઃ** તરવૈયો ગમે તેટલો બળવાન હોય પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે ત્યાં તેનું જોર ચાલતું નથી.પણ એ જ તરવૈયો જો નાવમાં બેસી જાય તો જમતાં જમતાં વગર મહેનતે સામે પાર પહોંચી જાય છે. તેમ આપણે પણ ભવસાગરરૂપી સમુદ્ર તરવા માટે પુરુષ પ્રયત્નનું બળ લઈને મહેનત કરીએ તો ન તરાય. મહારાજ કૃપાસાધ્ય છે. ક્રિયા સાધ્ય નથી.

૩. **દારૂનો ઢગલો અને અગ્નિનો તણખો (પં. ૩/૩૩૨) દૃષ્ટાંત :** જેમ ઝાઝો દારૂનો ઢગલો હોય ને તેમાં એક અગ્નિનો તણખો પડ્યો હોય તો તે દારૂ સર્વે ભસ્મ થઈ જાય છે; તેમ એનું કાંઈ ઠેકાણું રહેતું નથી. **સિદ્ધાંત :** દારૂના ઢગલામાં એક જ ચિનગારી કાફી છે. તે બધા જ દારૂના ઢગલાનો નાશ કરી શકે છે. તેમ ઈન્દ્રિયો અને અંતઃકરણને વિષે જો એક જ ગુણ જોઈએ તો પણ તે આપણને ભગવાનના માર્ગથી પાડી દે છે. માટે ઈન્દ્રિયો અને અંતઃકરણને તો ભગવાનના સુખનો લોભ દેખાડી તેમનામાં જ જોડી રાખવું.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.**

૧. **શ્રીજીમહારાજે જોબનપગી જેવા કુપાત્રને સત્સંગી કર્યા પણ રઘુનાથદાસને કાઢી મૂક્યો. (પ્ર.૧૮/૨૬)**
**સંદર્ભ :** ગ.પ્ર.૧૮માં 'તે માટે એ પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહીં કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું ? **સમજૂતિ :** રઘુનાથદાસ સાધુ હતો છતાં તેણે સાર-અસારનો વિભાગ કર્યો નહીં અને મહારાજની વિરુદ્ધ બોલતો તેથી તેને કાઢી મૂક્યો. જ્યારે જોબનપગી જેવા કુપાત્ર વ્યક્તિએ સાર-અસારનો વિભાગ કર્યો તો મહારાજે તેને સત્સંગી કર્યો.

૨. **સ્વાદિયા નાગરે ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ ગ્રહણ કર્યો. (પ્ર.૬૭/૧૩૩)**
**સંદર્ભ :** ગ.પ્ર.૬૭માં એવી રીતે અનુતાપ કરે અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિશે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. **સમજૂતિ :** નાગર ભક્તે ગુણાતીતાનંદ સ્વામીને જમતાં જોઈ પોતાનામાં રહેલા અવગુણને ઓળખીને અનુતાપ કરે છે તો તેમનામાં રહેલો સ્વાદનો દોષ ટળી જાય છે અને નિઃસ્વાદી થાય છે.

૩. **દુર્યોધને કહ્યું કે, "પાંડવો અને દ્રૌપદી વનમાં ભટકતા હશે ત્યારે હું રાજી થઈશ." (પ્ર. ૭૧/૧૪૨)**
**સંદર્ભ :** ગ.પ્ર.૭૧માં જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેનાથી ખમાય નહીં અને તેનું ભૂંડું થાય ત્યારે તે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે. **સમજૂતિ :** દુર્યોધનને પાંડવો ઉપર ઈર્ષ્યા હતી તો જ્યારે પાંડવોએ ખરાબ પ્રદેશ પર મહેનત કરી ઈન્દ્રપ્રસ્થની રચના કરી યજ્ઞ કર્યો તો તેનાથી ખમાયું નહિ અને જુગારમાં પાંડવો હારીને દ્રોપદી સાથે વનમાં ગયા તો રાજી થયો.

૪. **જો સત્સંગી હોય પણ સાસુ, વહુની ઈર્ષ્યા કરે તો તેની સાથે શ્રીજીમહારાજને બને નહિ. (પ્ર. ૭૬/૧૫૯)**
**સંદર્ભ :** ગ.પ્ર.૭૬માં ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહીં. **સમજૂતિ :** આ વચનામૃતમાં મહારાજ સમજાવે છે કે ક્રોધી, ઈર્ષ્યાવાળા, કપટી અને માની એ ચાર પ્રકારની વ્યક્તિ હરિભક્ત હોય તો પણ મહારાજને તેમની સાથે બનતું નથી. જો એવો સ્વભાવ રાખીએ તો મહારાજને આપણી સાથે બને જ નહિ તો ધામમાં ક્યાંથી જવાય ? માટે ઈર્ષ્યાવાળા સ્વભાવનો ત્યાગ કરવો.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯) નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. 'અનંત મુક્ત થઈ ગયા ને અનંત થશે તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે એવો કોઈ થયો નથી ને થશે પણ નહિ અને હમણાં પણ કોઈએ નથી અને કોટિકલ્પ સુધી સાધન કરીને પણ એવો થવાને કોઈ સમર્થ નથી.' (ગ.પ્ર. ૧૮) (૬)

૨ 'ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ.' (ગ.પ્ર. ૨૪) (૧૪)

૩ 'તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દશ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે, ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી.'(ગ.પ્ર. ૨૪) (૧૩)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ તથા ૨ પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫**
**(ભાગ - ૧, ઉદ્ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. નીલકંઠવર્ણીની નિર્ભયતા**

૧. હનુમાનજીએ સાથે ફરવાની આજ્ઞા માગી ત્યારે નીલકંઠે પાડેલી ના. ૧/૧૦૫

૨. સહેજાપુરમાં લોકોની ના છતાં નદીના પ્રચંડ પૂરમાં નાહવા પડેલા નીલકંઠ ૧/૧૦૮

૩. મૃત્યુથી ડરીને સંતાઈ જવાથી મૃત્યુ રોકાતું નથી. હું તો અહીં જ સૂઈ રહીશ. જે થવાનું હશે તે થશે - શ્રીપુર મઠના મહંતને ૧/૧૧૭

૪. કોઈ માનવી ત્યાં જઈ શકતું નથી અને કોઈ ત્યાં જવાનો સંકલ્પ પણ કરતું નથી - બદરીનાથના પૂજારી. 'અમે માનવી નથી. અમારો સંકલ્પ દૃઢ છે. તમે રસ્તો બતાવો, નહિ તો અમે ચાલી નીકળીશું.' - બદરીવન પ્રતિ જવા તૈયાર થયેલા નીલકંઠવર્ણી. ૧/૧૨૪

૫. મારા વિશાળ વિસ્તારમાં કોઈ માનવી ફરકી ન શકે. જરૂર આ નરઋષિએ કહ્યા તે મહાપ્રભુ છે - હિમગિરી - સ્નાન કરનાર બરફની શિલા જ બની જાય એવા શીતળ જળના સરોવરમાં સ્નાન. ૧/૧૨૬

૬. કાળા પર્વતની વાટે નીલકંઠવર્ણી ૧/૧૪૪

૭. હિમગિરિના સાન્નિધ્યમાં કાળભૈરવનો પરાભવ. ૧/૧૪૬

૮. જીવજંતુઓની અમને બીક નથી. અમારે તો પુલહાશ્રમ પહોંચવાનું લક્ષ્ય છે. ૧/૧૫૦

૯. કાલી ગંડકીના જોરદાર સામે વહેતા પ્રવાહમાં વર્ણીએ પડતું મૂક્યું. ૧/૧૫૩

૧૦. ઉગ્ર પ્રાકૃતિક વાતાવરણવાળા પુલહાશ્રમમાં નીલકંઠ વર્ણીએ આદરેલું તપ ૧/૧૫૫

૧૧. સાધુને કદી ભય હોય જ નહિ. આપણે તો રાજા પાસે જવું જ છે - બાવાઓની જમાતને - નેપાળના રાજા રણબહાદુરની પાસે જતા નીલકંઠવર્ણી. ૧/૧૭૭

૧૨. સિરપુરથી પરશુરામ કુંડ તરફ જતા રસ્તામાં આવતાં વનમાં નરરાક્ષસોનો વાસ - નીલંકઠવર્ણી સાથે હોવાથી બાવાઓ નિર્ભય બન્યા હતા. ૧/૧૯૧

૧૩. તારે જે કરવું હોય તે બોલ્યા સિવાય કરવા માંડ. તારા કાળભૈરવ કે બટુકવીર મને કાંઈ કરી શકે તેમ નથી. ૧/૧૯૫

૧૪. જંગલમાં હિંસક પ્રાણીઓનો ભય છે. મનુષ્યથી ત્યાં જઈ શકાય તેવું નથી. તેથી રાજાએ અહીં ચોકી બેસાડી છે - નવલખા પર્વતની વાટે નીલકંઠ - અમને જંગલી પ્રાણીઓ કંઈ કરી શકશે નહિ. અમારે ઉતાવળ છે માટે અમને જવા દ્યો. ૧/૧૯૮

૧૫. જયરામદાસ અને કૃષ્ણ તંબોળી સાથે સરોવરમાં વિહાર કરવા ગયેલા નીલકંઠ જંગલમાં ગયા. ૧/૨૦૫

૧૬. બાવાઓમાં જામેલા યુદ્ધથી પુરીના રાજાએ વર્ણીને કહ્યું આપને હવે અહીં રહેવું ઉચિત નથી. આપ મહેલમાં ચાલો. વર્ણીએ કરેલો ઈન્કાર. ૧/૨૨૦

૧૭. સર્વશક્તિમાન પરમાત્મા જ અમારી સાથે છે, તો તેઓ જ રક્ષા કરે છે ને કરશે - માનસપુરના રાજાને નીલકંઠવર્ણી. ૧/૨૨૮

૧૮. જળના સાપ ઝેરી ના હોય. પોતે પાણી પીધું પછી જયરામે પીધું. ૧/૨૨૯

૧૯. સુરત અશ્વિનીકુમારને આરે ભરપુર પાણીમાં લોકો ના પાડવા છતાં પાણીમાં પડતું મૂકી સામે કાંઠે પહોંચી ગયા. ૧/૨૫૫

૨૦. જેમ રસ્તો વધારે વિકટ, જેમ નદીમાં પાણી વધુ ઊંડા, જેમ વાઘ-દીપડાનો વધુ ભય તેમ મને ત્યાં જવાનું વધુ મન થાય છે. મારા જ્યાં પગલાં પડે છે ત્યાંથી ભય નાસી જાય છે. - લાખા કોળીને નીલકંઠવર્ણી. ૧/૨૮૦

૨૧. દામોદર કુંડના પૂજારીએ જંગલી પશુની બીક બતાવી - છતાં વનમાં જ રહ્યા - સિંહથી પણ ડર્યા વગર રાત રહ્યા. ૧/૩૦૧-૩૦૨

૨૨. ગુરુ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા આતુરતા - બે કાંઠે વહેતી ઓઝત નદીના પૂરમાં ઝંપલાવ્યું. ૧/૩૪૪

**૨. સેવાભાવી નીલકંઠવર્ણી**

૧. સેવકરામની સેવા :- મહિમાથી સેવા કરી. ગજા ઉપરાંત સેવા - નિઃસ્વાર્થ ભાવે. ૧/૨૩૨ થી ૨૩૩

૨. સેવાધર્મના જ પ્યાસી - લોજમાં દરેક પ્રકારની સેવા (ભિક્ષા માગવી, અઢાર મણ ચીભડાંનો ભાર ઊંચક્યો) નીલકંઠવર્ણી કરતાં. ૧/૩૨૪

૩. ગામને પાદર છાણ લેવા જતા. ૧/૩૨૭

૪. રામાનંદ સ્વામીના સદાવ્રતમાં સેવા. ૧/૩૨૯-૩૩૦

૫. આશ્રમની નાની-મોટી સેવા - સદા ધ્યાનસ્થ વર્ણી. ૧/૩૨૪-૩૨૫

૬. સંતોને યોગકળાના આસનો, સાધુઓને ધ્યાનમાં બેસારતા. ૧/૩૨૪-૩૨૫

૭. અઢાર મણ ચીભડાંનો ભાર ઊંચક્યો. ૧/૩૨૬,૩૨૭

**૩. લાલજી સુથારને નિષ્કુળાનંદ બનાવતા શ્રીહરિ.**

૧. લાલજી સુથાર પાસે શ્રીજી મહારાજની કચ્છ માટે ભોમિયો મેળવી આપવાની માંગણી - લાલજી સુથારે પોતે જ જવાનું વિચાર્યું - આજ્ઞાનું મહત્વ સમજાયું. ૨/૬૪

૨. કચ્છની વિકટ વાટમાં ઈષ્ટદેવને તકલીફ ન પડે તે માટે ભાથું, પાણી અને પૈસા સાથે લીધા - શ્રીજીમહારાજે લીલા કરી ભાતુ, પાણી, પૈસા બધું અપાવી દીધું - મહારાજે ચમત્કાર બતાવ્યો. લાલજી સુથારને તરસ લાગવાથી રણમાં મીઠી વીરડી કરી. - પાણી માંગનાર પણ રામાનંદ સ્વામી જ હતા. ૨/૬૬ થી ૭૦

૩. કેવળ ભગવાનને આશરે રહેતાં શીખવું. ૨/૭૧

૪. જીવનાં કલ્યાણ માટે વિચરનાર શ્રીહરિનો દેહનો અનાદર, ત્યાગ વગેરે લાલજી ભક્તે નિહાળ્યા - લાલજી ભક્તને લોકલાજનો ત્યાગ કરાવી સાધુ બનાવ્યા. નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું. ૨/૭૨-૭૩

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. સત્તા અને સુંદરીને ઠુકરાવતા નીલકંઠવર્ણી.**

૧. બરેલીમાં સ્ત્રીઓ જ્યારે વર્ણીના મોહક સ્વરૂપ નિહાળવા આવતાં નીલકંઠ સ્ત્રીઓની ગંધથી જ ત્યાંથી જતાં રહ્યા. ૧/૧૧૦

૨. શ્રીપુરમાં મહંતે પોતાના એક લાખ રૂપિયાની આવકવાળા મઠની સોંપણી કરવાની નીલકંઠવર્ણીને વાત કરી. તેનો નીલકંઠવર્ણીએ ઈન્કાર કરી દીધો. ૧/૧૧૯

૩. જ્યોતિમઠમાં સુંદર બાગ-બગીચા વાળો બંગલો અર્પણ કરવા પૂજારી તૈયાર થયો - તેમાં નીલકંઠનો ઈન્કાર ૧/૧૨૪

૪. રણજીતસિંહ રાજાએ સુર્વણ, મેવા, મીઠાઈ અર્પણ કર્યા. - રાજ્ય અર્પણ કરવાની તૈયારી પરંતુ નીલકંઠને રાજ્ય ખપતું ન હતું. તેથી ચાલી નીકળ્યા. ૧/૧૩૨-૧૩૩

૫. વંશીપુરના રાજાનું રાજ્ય અને તેની બે દિકરીઓ પરણાવવા તૈયાર- નીલકંઠ ઈન્કાર કરી ચાલી નીકળ્યા. ૧/૧૪૦

૬. નેપાળના રાજા મહાદત્તની કુંવરી બગીચામાં આવે છતાં નીલકંઠવર્ણી પોતાની વિરક્ત સ્થિતિમાં જ રહેતા. ૧/૧૬૮

૭. કાઠમંડુના રાજાનો રોગ મટાડ્યો. રાજાએ કાંઈક માંગણી કરવા કહ્યું, ‘બંદીખાને પૂરેલ સાધુઓને મુક્ત કરવાની માંગણી - બીજું કાંઈ જોઈતું નથી.’ ૧/૧૭૯

૮. સિધ્ધવલ્લભ રાજા દ્વારા અનેક ભેટ - સામગ્રી નીલકંઠે તેમાંથી થોડું અંગીકાર કર્યું. ૧/૧૮૭

૯. જગન્નાથજીના થાળની પ્રસાદી પૂજારી નીલકંઠવર્ણીને આપતો. અજગરવૃત્તિ રાખીને જે મળે તે ઠાકોરજીને નૈવેધ કરી જમી લે. ક્યારેક વાયુ ભક્ષણ કરીને રહેતા. અજાચક વૃત્તિ ૧/૨૧૨ થી ૨૧૪-૨૧૫

૧૦. અમારે ત્યાગીઓને વળી રાજ મહેલ શા ! એ ભોગ અમને ન ખપે. ૧/૨૨૦

૧૧. ભાવનગરમાં દેવજી ભગતની ધર્મશાળાના માલિકે આ જગ્યાના માલિક બનવા આગ્રહ - નીલકંઠે વિનયથી અસ્વીકાર. ૧/૨૮૪

**૨. પામર જીવોને મુક્તિ તરફ દોરતા શ્રીહરિ.**

૧. ક્ષુદ્ર દેવ અને દેવીઓને મલિન મંત્રોની સાધનાથી વશ કરીને ભય ફેલાવનાર પામર પિબૈકને સાચી વાત સમજાવી મુક્તિને માર્ગે દોર્યો ૧/૧૯૬

૨. દ્રાવિડ દેશનો તાંત્રિક મગનીરામને મુકિત માર્ગે વાળ્યો. ૧/૪૨૪થી૪૩૦

૩. લાખા કોળીને ઉપદેશ અને તેનું હૃદય પરિવર્તન. ૧/૨૭૯-૨૮૦

**૩. ગુરુભક્તિની આદર્શ રીત શીખવતા નીલકંઠવર્ણી**

૧. મુક્તાનંદ સ્વામીના ધ્યાનમાં યોગથી વૃત્તિ જોડી રામાનંદ સ્વામીના શ્રીહરિએ કરેલા પ્રથમ દર્શન. ૧/૩૩૯-૩૪૦

૨. કુરજી દવેને અક્ષરધામની ભેટ. ૧/૩૪૧

૩. પીપલાણામાં રામાનંદ સ્વામી અને શ્રી હરિનું પ્રથમ મિલન. ૧/૩૪૫-૩૪૬

૪. રામાનંદ સ્વામીએ નીલકંઠને આપેલી ભાગવતી દીક્ષા. ૧/૩૪૮-૩૪૯

૫. હરબાઈ-વાલબાઈ માટે સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીને કરેલો પ્રશ્ન. - સંપ્રદાયની રીત જાણવા માટે કરેલો પ્રશ્ન. ૧/૩૫૩

૬. આ વર્ણી વેષે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. - રામાનંદ સ્વામીએ અગતરાઈમાં ઓળખાવેલું સહજાનંદ સ્વામીનું સ્વરૂપ. ૧/૩૫૭-૩૫૮

૭. કાલવાણી અને લોજમાં રામાનંદ સ્વામીએ નારાયણ મુનિના શરીર સ્વાસ્થ્યના શરૂ કરેલા ઉપાયો. ૧/૩૫૮-૩૫૯

૮. હું તો પ્રભુનો પેગંબર છું અને પ્રભુ તો આ નાના વર્ણી છે. માણાવદરના નવાબના માણસને રામાનંદ સ્વામીએ કહ્યું. ૧/૩૬૦

૯. આજે તો સાક્ષાત્ કાળ આવ્યો હતો પણ આપે રક્ષા કરી એટલે જ બચ્યો છું. - ધોરાજીમાં રામાનંદ સ્વામીને. ૧/૩૬૧

૧૦. માંગરોળમાં મનુભાને રામાનંદ સ્વામીએ કરાવેલી વર્ણીની ઓળખ. ૧/૩૬૨

૧૧. સહજાનંદ સ્વામીને ગાદી આપવાનો કરેલો નિર્ણય. ૧/૩૬૭

૧૨. ધર્મધૂરાંની સોંપણી. ૧/૩૭૧

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**
**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

૧. **કુરજી દવેને અક્ષરધામ બક્ષિસ. (૧/૩૪૧)** જેઠ વદ દશમીની સાંજે પીપલાણાથી રામાનંદ સ્વામીનો સંદેશો લઈને કુરજી દવે આવ્યા - વધામણીમાં શું આપશો ? - રામાનંદ સ્વામી પીપલાણા આવી ગયા છે. સૌને ત્યાં બોલાવ્યા છે.- સરજુદાસને પણ સાથે લાવવાની આજ્ઞા - સૌનાં મોં પર પ્રસન્નતા - સાધુઓએ આપેલી ભેટ - નીલકંઠે બક્ષીસ આપેલું અક્ષરધામ - કુરજી દવેને અગમ્ય લાગેલી ભેટ. **મનન :** જેની પાસે જે હોય તે જ વસ્તુ તે આપી શકે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સિવાય કોઈ આ ભેટ ન આપી શકે.

૨. **દીવાલમાં નહિ ધર્મમાં છિદ્ર છે. (૧/૩૨૩)** મંદિરની દિવાલમાં ગોખલો જોઈને નીલકંઠવર્ણીનો પ્રશ્ન - વાળંદના ઘરમાંથી અગ્નિ લેવા માટે ગોખલાનો ઉપયોગ - અગ્નિ આપનાર સ્ત્રી જ હોય - દિવાલનું છિદ્ર સાધુના ધર્મમાં છિદ્ર પડાવશે - નીલકંઠવર્ણીએ રજૂ કરેલો વિચાર - પોતાના હાથે જ છિદ્ર પૂરી દીધું - પુરાણના ઈતિહાસના કોઈ પણ પાત્રના ચરિત્રમાં ન જોવા મળ્યું હોય તેવું ચરિત્ર. **મનન :** નૈષ્ઠિક બ્રહ્મચર્યના ધર્મો શાસ્ત્રોમાં તો લખ્યા જ છે. પરંતુ તેને શુદ્ધ રીતે પળાવવાનો આગ્રહ કોઈએ રાખ્યો ન હતો. એકાંતિક ધર્મ એકાંતિક થકી જ પમાય છે. જેનામાં જે હોય તે બીજાને આપે છે. આ પણ મારા જેવો જ સુખિયો થાય.

૩. **ત્યાગીને આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જોઈએ. (૧/૧૦૫)** મુક્તવિહારની પ્રથમ રાત્રિએ નીલકંઠ વર્ણીએ આ વડ નીચે જ મુકામ કર્યો. આષાઢ સુદ ૧૧ના મંગળ પ્રભાતે નિયમ અનુસાર જાગ્યા અને પ્રાતઃવિધિ કરી વડ નીચે બિરાજ્યા. એટલામાં અમરપુર ગામના લોકો ત્યાં આવ્યા. નીલકંઠવર્ણીને જોઈ બાળસ્વરૂપ સ્વામી કાર્તિકેયજી આવ્યા છે કે સાક્ષાત્ ધ્રુવજી આવ્યા છે તેની વિમાસણમાં તેઓ પડ્યા. કેટલાક ફળો, મીઠાઈ વગેરે જે જલદી મળે તે લેવા દોડતા ગયા. કેટલાક બીજી સામગ્રી લેવા ગયા. થોડી વારમાં તો નીલકંઠ પાસે ફળો, મીઠાઈઓ વગેરે સામગ્રીનો ઢગલો થઈ ગયો. નીલકંઠે તે તમામ સામગ્રીઓ પોતાની પાસે શાલિગ્રામ હતા તેમને ધરાવી અને પછી તેમાંથી પોતે સ્વલ્પ જમ્યા. વધેલો પ્રસાદ ત્યાં બેઠેલા ગામલોકોને આપી દીધો. અપરિગ્રહ વ્રતધારી નીલકંઠ વર્ણીને આ રીતે બધો જ પ્રસાદ વહેંચી દેતા જોઈ કેટલાકે કહ્યું : ''બ્રહ્મચારી ! સાંજના માટે તો કાંઈક રાખો.'' નીલકંઠ

તેમની સામું જોઈ હસ્યા : ''સાંજ કે સવારનો જો વિચાર કરવાનો હોત તો ઘરનો ત્યાગ શું કરવા કરત ? ત્યાગીને તો આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ જ જોઈએ. જે ભગવાનના આધારે ભેખ લીધો છે તે ભગવાન જ સમે સમે પોષણ કરશે.'' નીલકંઠની મધુર વાણીમાં તેમને કાંઈક અલૌકિકતા લાગી. પછી નીલકંઠે ત્યાં ભેગા થયેલા સૌને કહ્યું : ''તમે હવે જાઓ. મને કોઈનો ડર નથી. ચરાચરમાં મારી જ શક્તિ વ્યાપીને રહી છે.'' **મનન :** જો ત્યાગી થવું હોય તો નીલકંઠ વર્ણીની જેમ સવારનો કે સાંજનો વિચાર કરવો ન જોઈએ. આકાશવૃત્તિ એટલે સંગ્રહવૃત્તિ રાખવી ન જોઈએ. જે ભગવાન પર વિશ્વાસ રાખીને ત્યાગી થયા હોય તે ભગવાન જ સમયે સમયે જરૂરિયાત પૂરી કરશે તેવો વિશ્વાસ રાખવો જોઈએ.

૪. **રામાનંદ સ્વામીએ સૌને વર્ણીનાં દર્શને જવાની આજ્ઞા કરી. (૧/૩૩૪)** મુક્તાનંદ સ્વામી અને વર્ણીરાટ ઉપર રામાનંદ સ્વામીએ પત્ર લખ્યો - લોજ જતાં ભટ્ટજીને રામાનંદ સ્વામીએ કહ્યું 'રસ્તામાં જે જે ગામ આવે ત્યાં સૌને વર્ણી લોજ પધાર્યા છે તે સમાચાર આપજો અને સૌ તેમનાં દર્શન કરવા લોજ જાય તેવી અમારી આજ્ઞા છે તે સૌને કહેજો.' - ભટ્ટજી, સ્વામી કેમ હસ્યા - સ્વામીએ કહ્યું 'જેમના આધારે કાળ ગતિ કરે છે, ગ્રહો નિયમમાં રહે છે, તે સાક્ષાત્ પધાર્યા છે. તો હવે કોઈ કાંઈ પૂછે તો ટીપણાને નહિ પણ તેમને પૂછીને જવાબ દેજો.' ટીપણું ફેંકી દેતાં ભટ્ટજીને અટકાવી તેમણે કહ્યું : 'ભટ્ટજી ! તેને ફેંકી ન દેશો. વર્ણી જ પોતે તમને ટીપણું જોવાનું કહેશે ત્યારે ટીપણું ખોલજો, પણ વર્ણીની મરજી જોઈને બોલજો. બીજાને કહો ત્યારે વર્ણીની સ્મૃતિ કરીને કહેજો.' શેખપાટમાં લાલજી સુથાર - તેને ભટ્ટજીએ કહ્યું સ્વામીએ લોજ જવાની સૌને આજ્ઞા કરી છે. મોટા વર્ણી આવ્યા છે. તેમનાં દર્શને સૌ જજો. તમે પણ હાલો. લાલજી વિચક્ષણ પુરુષ હતા. રામાનંદ સ્વામી પ્રત્યે તેમની અપ્રતિમ ભક્તિ હતી. ગુરુ રામાનંદને મૂકીને લોજમાં એક વર્ણી આવ્યા છે તેમનાં દર્શને જવું? ગુરુ તો કહે, પરીક્ષા પણ કરે. એવા કેટલાય વર્ણી રખડતાં ચાલ્યા આવતા હશે. તેમણે મયારામને કહ્યું : 'તમે જાઓ, હું પાછળથી આવીશ.' ભટ્ટજીનું હિલોળે ચડેલું મન - રામાનંદ સ્વામી સિવાય બીજા હથેળીમાં ભગવાન દેખાડે તો પણ તેમને નમવું નહિ - સૌ તેમનામાં ખેંચાય છે. વર્ણી છે તો નાના બાળ પણ ઈશ્વર જેવા સમર્થ છે. - લોજ પહોંચી મુક્તાનંદ સ્વામીને આપેલા પત્રો - મુક્તાનંદ સ્વામીને પત્રમાં વર્ણીને સાચવવાનું - વર્ણી આ લોકના નથી તેની પ્રતીતિ ભવિષ્યમાં થશે. તેમની પાસે સાધુઓને અષ્ટાંગ યોગ શીખવવાની આજ્ઞા - વર્ણીના પત્રમાં દેહની સંભાળ રાખજો. હજી ઘણાં કામ કરવાના છે. અહીં આવવાની ઉતાવળ ન કરશો. ત્યાં સાધુઓને અષ્ટાંગ યોગ શીખવજો. અમને પણ તમારાં દર્શનની તાણ છે. છતાં સત્સંગના કાર્ય અર્થે વિચરણ કરવું પડે, સત્સંગીઓને રાજી રાખવા પડે. **મનન :** જે એકાંતિક હોય તે જ ભગવાનને ઓળખાવી શકે. પોતે મોટા હોવા છતાં પોતાના સત્સંગીઓને તેમનામાં જોડે છે. ભગવાનને મળવાની - દર્શનની તાલાવેલી છતાં સત્સંગના કાર્યને વિશેષ મહત્ત્વ - સત્સંગીઓને રાજી રાખવાની પણ એટલી જ તૈયારી.

૫. **માનસપુરમાં બાવાઓની ક્રૂરતા અને હિંસાવૃત્તિ (૧/૨૨૬થી૨૨૯)** માનસપુરના રાજાને વર્ણીએ ધર્મ-અધર્મના લક્ષણ સમજાવ્યા - ભેખનાં સાચાં સ્વરૂપનાં દર્શન કરાવી અધર્મી બાવાઓની જમાતની સાન ઠેકાણે લાવવા રાજાના મનમાં વર્ણીના ઉપદેશથી ભેખની ભાવના જોવાની જિજ્ઞાસા થઈ - જમાતને જોવા ગયેલા રાજા - મહંતે અડબંગી રીતે કરેલી શાલિગ્રામની પૂજા - મહંતની પૂજામાં ભક્તિની વેઠના દર્શન - રાજાએ કરેલી શાલિગ્રામની માગણી - રાજાની ઈચ્છાથી નીલકંઠવર્ણીએ શાલિગ્રામ લેવા મહંત પાસે જયરામદાસને મોકલ્યો - શાલિગ્રામ અદશ્ય - મહંતની ઉશ્કેરણીથી નીલકંઠ પર પથ્થર મારો - જયરામદાસે રાજાને કરેલી ખબર - સૈનિકો અને બાવાઓ વચ્ચે મુકાબલો - બાવાઓનો કચ્ચરઘાણ - રાજાને બાવાઓની ક્રૂરતા અને હિંસાવૃત્તિનો આવેલો ખ્યાલ - ચોકીમાં સિપાઈઓ રાખવાની વાત - સર્વશક્તિમાન પરમાત્મા જ અમારી પાસે છે, તો તેઓ જ રક્ષા કરે છે અને કરશે. **મનન :** અડબંગી ભક્તિના ઢોંગવાળા બાવાઓનો વિશ્વાસ કે તેમનો સંગ ન કરવો. સાચા સાધુની ઓળખ થતા રાજાએ બાવાઓને તેમની સાન ઠેકાણે લાવવા સંહાર કર્યો તેમ આપણે પણ તેવો સંગ થકી દૂર રહેવું, બીજાને પણ દૂર રાખવા પ્રયત્ન કરવો.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈપણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

## ૧. રઘુનાથદાસ

**પ્રસંગો** ૧. રામાનંદ સ્વામીનો હું જ સાચો વારસ છું, હું તેમનું સ્વરૂપ છું, મારામાં તેમની શક્તિ આવી છે માટે ગુરુ કે ઈષ્ટદેવ જે ગણો તે હું જ છું - વીસનગરની આસપાસ ફરતા રઘુનાથદાસની પ્રવૃત્તિ - અપપ્રસાર - સત્સંગમાં આવનારા વિક્ષેપથી ચિંતીત મુક્તાનંદ સ્વામી - મહારાજે મુક્તાનંદ સ્વામીને આપેલી ધીરજ - આવી કૂટલ નિષ્ઠાવાળાં મડદાં તો છેટે જ સારાં. પોતેય બગડે અને બીજાને પણ બગાડે. ૨/૧૪

૨. મહારાજ અમદાવાદ પધાર્યા - રામદાસ સ્વામીએ રઘુનાથદાસે આદરેલી ઉપાધિનું વર્ણન કર્યું. મહારાજ : આપણે તો તેનું ભૂંડું ન થાય એ જોવાનું - પ્રભુ વિના આવી દયાભાવના કોનામાં હોય ? ૨/૫૪,૫૬

૩. શ્રીહરિની ભગવત્‌વાર્તા, સમાધિ, ઐશ્વર્યપ્રતાપ - સંતોની સાધુતા નિહાળી સૌના અંતરમાંથી રઘુનાથદાસ પ્રત્યેનો ભાવ ઓછો થઈ ગયો. ૨/૫૫-૫૬

૪. શ્રીહરિ રઘુનાથદાસને સમજાવે છે - અમદાવાદની મહંતાઈ આપવાની વાત કરી - રઘુનાથદાસઃ ગાદી લેવા ગુરુને ભરમાવ્યા - ત્યાગની રીત મેલી ગૃહસ્થની રીત લીધી - પ્રભુ થઈને પૂજાવા માંડ્યા અને સામો ઉપદેશ આપો છો ! - તમારું શ્રેય ઈચ્છતા હોય તો મારી આજ્ઞામાં રહો - મહારાજ : તમે ઊંધે રસ્તે ચડી ગયા છો. તમારો અંતે હું વિનાશ દેખું છું. બાવાઓ જીવનમુક્તાને (મહારાજને) મારવા આવ્યા - મહારાજ સૌને લઈને બીજે દરવાજેથી બહાર નીકળી ગયા. ગાદી ઉપર બેઠેલા રઘુનાથદાસ ઉપર બાવાઓ તૂટી પડ્યા. ૨/૫૬-૫૭

૫. ગાદી તકિયાના લાલચુ, પોતાની મહત્તાના વરવાં ગાન કરતા, ભ્રષ્ટાચાર પ્રવર્તાવનારને સત્સંગમાં શુદ્ધિકરણ કરવા માટે વિમુખ કરવો જ પડે - મહારાજે દેશો-દેશ કાગળો મોકલ્યા. ૨/૫૯

**વ્યક્તિત્વનું આલેખન :** ગાદીની લાલચે રામાનંદ સ્વામી પાસે રહ્યો - લોભના અનિષ્ટમાં ભલું કરવાની પણ વિચારશક્તિ ખોઈ બેઠેલો - અહં બ્રહ્માસ્મિની સ્થિતિમાં જીવતો - સામે બેઠેલા ભગવાનને પણ ઓળખવાની શક્તિ ગુમાવી બેઠેલો.

## ૨. ધર્મદેવ

**પ્રસંગો** ૧. ધર્મદેવના શ્વસુર કૃષ્ણશર્માએ બાલશર્મા પાસે ધર્મદેવ કાયમ છપૈયા રહે તેવી કરેલી માગણીનો સ્વીકાર કર્યો. ૧/૮

૨. અસુરોના ત્રાસથી દુઃખનું નિવારણ કરવા કાશીમાં અને પ્રયાગમાં - રામાનંદ સ્વામી સાથે મેળાપ - સાચા બ્રહ્મચારીને ઓળખવાની ધર્મદેવમાં દૃષ્ટિ - સ્વામીના સાનિધ્યમાં શ્રીકૃષ્ણનાં દર્શન. ૧/૧૧

૩. છપૈયામાં રોજ બ્રાહ્મણો, ભિક્ષાર્થીઓ, અન્નાર્થીઓની કતાર - છપૈયા છોડ્યું. ૧/૧૫

૪. અયોધ્યામાં અસુરોના ત્રાસથી બચવા હનુમાનજીના શરણે. હનુમાનજીએ વૃંદાવન જવાની કરેલી આજ્ઞા. ૧/૧૫-૧૬

૫. વૃંદાવનમાં વિષ્ણુયાગ અને કૃષ્ણદર્શન. ૧/૧૬-૧૭

૬. છપૈયા પાછા ફરતાં માયા-અવિદ્યારૂપ સ્ત્રીનો પ્રસંગ - અશ્વત્થામાનો શાપ. ૧/૧૯-૨૦

૭. સાક્ષાત્‌ પૂર્ણપુરુષોત્તમ નારાયણ પોતાની શક્તિથી શત્રુઓનો નાશ કરશે - હનુમાનજીએ આપેલું આશ્વાસન. ૧/૨૦

૮. ત્રિકાળજ્ઞાની માર્કન્ડેય ઋષિની ભવિષ્યવાણી પોતાનો બાળક મહાન થશે તેની પ્રતિતી. ૧/૨૭થી૨૯

૯. પૂજા કરવા બેઠેલા ધર્મદેવને હનુમાનજીને બદલે ઘનશ્યામના દર્શન. ૧/૩૮

૧૦. અસૂરોના ત્રાસથી બચવા ઘનશ્યામને લઈ અયોધ્યામાં વસવાટ. ૧/૪૧

૧૧. અધ્યયનના આરંભે વિદ્યાગુરુ હૃદયરામની ના છતાં ઘનશ્યામને દંડવત્‌ કરવાની આજ્ઞા ધર્મદેવે કરી. ૧/૪૫

૧૨. ધર્મદેવે ઘનશ્યામને વેદવેદાંત ભણાવ્યા - પ્રથમ સામવેદ-ષડદર્શન, વિદ્યાસિદ્ધિ જોઈ ધર્મદેવને આશ્ચર્ય. ૧/૭૫

૧૩. ગંગામા વિદ્વતસભામાં વાદ - ધર્મદેવને આશ્ચર્ય - વિદ્વાનોના પ્રશસ્તિ શબ્દો યાદ રાખવાનો નિશ્ચય. ૧/૮૧-૮૨

૧૪. રામપ્રતાપ અને સુવાસિનીભાભીને ઘનશ્યામની કરેલી ભલામણ - ઘનશ્યામના શબ્દોમાં અંતવૃત્તિ કરી ધામગમન. ૧/૯૧-૯૨

**વ્યક્તિત્વનું આલેખન :** (૧) પિતાની આજ્ઞા પાળવા માટે તત્પરતા - લગ્ન પછીનું જીવન સાસરે વિતાવ્યું. (૨) રામાનંદ સ્વામીના દર્શન થતાં સાચા સાધુને ઓળખ્યા. (૩) દુ:ખ કે સંકટના સમયે અન્ય માર્ગો ન અપનાવતાં કુળદેવતા હનુમાનજીનું જ સ્મરણ અને શરણ (૪) અશ્વત્થામાના શાપથી પુત્રના ભાવિથી ચિંતીત - હનુમાનજીની વાણીથી આસુરી વૃત્તિવાળાના શબ્દોની અસરથી મુક્ત (૫) ઘનશ્યામના બાલચરિત્રો જોતાં ભગવાનપણાની પ્રતીતિ છતાં પિતૃહૃદયથી વિસ્મૃતિ. (૬) પુત્રના ઘડતરમાં એકદમ જાગ્રત - વિદ્યાગુરુઓ સાથેનો વ્યવહાર શીખવ્યો - પોતે પણ વેદવેદાંતનો અભ્યાસ કરાવ્યો. (૭) કાશી વિદ્વતસભામાં પુત્રના વિજયથી આનંદિત પિતા સાથે સાથે ભગવાનપણાનો સ્વીકાર - તેને ન વિસારવાનો સંકલ્પ (૮) અંત:સમયે બધું ભણતા હોવા છતાં લૌકિક રીતે મોટા પુત્ર અને પુત્રવધુને કરેલી ઘનશ્યામની ભલામણ (૯) પુત્ર હોવા છતાં પુત્ર ભાવનો ત્યાગ કરી ઘનશ્યામમાં વૃત્તિ જોડી દેહત્યાગ.

**વિભાગ - ૩ : ધાર્મિક વિધાનો અને ભાવનાઓ નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. મનુસ્મૃતિ પ્રમાણે બ્રાહ્મમુહૂર્તની નિદ્રા શેનો નાશ કરે છે ? (૨/૧૦)

જ. બ્રાહ્મે મુહૂર્તે યા નિદ્રા સા પુણ્યક્ષયકારિણી ॥ ૮-૧૨ ॥ બ્રાહ્મમુહૂર્તની નિદ્રા આપણા પુણ્યનો નાશ કરનારી છે. સવારથી જ આળસ ધરાવતો માનવી શું પ્રગતિ કરવાનો છે ? (જવાબમાં શ્લોક કે ભાષાતંર બંનેમાંથી કોઈપણ એક લખ્યું હોય તો સાચું આપવું.)

૨. ષોડશોપચારવિધિમાંથી કોઈ પણ બે વિધિનાં નામ લખો. (૧/૬)

જ. પોડશોપચારવિધિનાં નામ: આહ્‌વાન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવીત, ગંધ, ધૂપ, દીપ, નૈવેદ્ય, આરતી, પ્રદક્ષિણા, પુષ્પાંજલિ, રાજોપચાર. (આ નામ સાથેની ટીપણી લખી હોય કે ન લખી હોય તો પણ પૂરા ગુણ આપવા.)

૩. પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ એવું કોણ કહે છે ? (૨/૧૮)

જ. પૂજા કાપીએ તો આપણે કપાઈ જઈએ એવું પ્રમુખસ્વામી મહારાજ કહે છે.

૪. કંઠી શેનું પ્રતીક છે ? (૫/૪૪)

જ. કંઠી એ પ્રભુની શરણાગતિનું પ્રતીક છે.

૫. ગર્ભમાં મળેલ સંસ્કારોના બે દૃષ્ટાંતો આપો. (૯/૬૫)

જ. પ્રહલાદ્જી, શુકદેવજી અને ચાર વર્ષનું બાળક જે પોપ સંગીતકાર બની ગયું તે આધુનિક યુગમાં ગર્ભમાં મળેલ સંસ્કારોના દૃષ્ટાંતો છે.

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : વાક્યોમાં નીચે લીટી દોરેલા મુદ્દા મુખ્ય હોવાથી તે જવાબમાં હોવા જરૂરી છે.**

**૧. આપણે પરમાત્માની પૂજા શા માટે કરીએ છીએ ? તેનાથી શા લાભ થાય છે ? (૧/૨)**

જ. ઉપકારી એવી એક નિર્જીવ વસ્તુને કે પશુને કે સામાન્ય માનવીને પણ આપણે આદર આપીએ છીએ, તો દરરોજ પ્રકાશ પાથરતા, ઝળહળતા સૂર્યનો શું આપણા જીવન પર ઉપકાર જ નથી ? સૂર્ય મૂકભાવે પ્રકાશ આપે છે, ચેતના આપે છે. વૃક્ષોનું, ધાન્યોનું પોષણ કરતા ચંદ્રમાનો પણ આપણા પર કેટલો ઉપકાર ! તો શું આ પ્રાકૃતિક

બળોને આપણ આદર નહીં આપીએ ? અને એ સર્વ પ્રાકૃતિક બળોનો આધાર, સંચાલક એવા પરમાત્માને આપણે આદર નહીં આપીએ ? આદર સન્માન આપીશું જ. એ જ તો પૂજા છે. ઉપકારી પ્રત્યે અપકારી થવાનું, કૃતઘ્ની થવાનું આપણને પરવડે તેમ નથી એટલે જ પૂજા કરીએ છીએ. ભગવાનના, પરમાત્માના અગણિત ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે જ પરમાત્માની પૂજા કરીએ છીએ. પૂજા આપણને પ્રેમ કરતાં શીખવે છે. પૂજાથી ઉપકારના ઋણનો ભાર અંશતઃ ઊતરે છે. પૂજાથી જીવનમાં સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે. પૂજા આપણને જીવન આપે છે. પૂજાથી કૃતાર્થતા પ્રગટે છે.

**૨. આરતી વખતે ઘંટ, નગારું અને શંખનો નાદ શા માટે કરવામાં આવે છે ? (ટૂંકમાં લખો) (૪/૪૨)**

જ. માણસની આંતરિક ઊર્મિઓ અને સંગીતને પહેલેથી જ ગાઢ સંબંધ રહ્યો છે. મનુષ્યને કોઈક અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિ થાય, કોઈક ક્ષેત્રમાં અદ્વિતીય સફળતા મળે અને એનો આનંદ અંતરમાં ન સમાય ત્યારે વિજયનો એ આનંદ વ્યક્ત કરવા સહજભાવે તે નાચી ઊઠે છે, હર્ષોદ્‌ગારો કરવા માંડે છે, ચિત્ર-વિચિત્ર અવાજો કરે છે અથવા તાળીઓ પણ વગાડવા માંડે છે. પ્રાચીન કાળમાં આનંદ વ્યક્ત કરવા માટે આવી રીતો મનુષ્ય અપનાવતો. સમય જતાં આવો આનંદ વ્યક્ત કરવા તે ઘંટ, નગારું, ઝાલર, શંખ વગેરેનો નાદ કરવા લાગ્યો. ભક્તને પણ ભગવાનની પ્રાપ્તિનો આનંદ છે. આ આનંદ ઘોષિત કરવા ભક્ત પણ આવા માંગલિક નાદ કરવા લલચાય છે. રાજાના વિજયોત્સવમાં પણ આવા નાદ થાય, તો ભગવાન રાજાધિરાજ છે. આથી જ એમના પૂજનમાં આરતી સમયે આ નાદ કરવામાં આવે છે. વળી, નાદની વાતાવરણ પર પણ અસર હોય છે. ઢોલ પર થાપ પડે, તબલાંની રમઝટ બોલે તો સોરઠી યુવાનના પગ નાચવા માટે થનગનવા માંડે. ઢોલ-તબલાંનો નાદ એના મન પર છવાઈ જાય છે. 'માર્ચિંગ બૅન્ડ' વાગે અને માણસોનો ચાલવાનો લય બદલાઈ જાય. ડીસ્કો સંગીત વાગે અને યુવાનના પગ ઊપડવા માંડે. આ રીતે વિવિધ નાદની માનસપટ પર વિવિધ અસરો છે. ઘંટ, ઝાલર, નગારાંનો વિજયસૂચક માંગલિક નાદ પણ માનવીના માનસપટ પર છવાઈ જાય છે. કહોને કે ભગવાનની સર્વોપરિતા છવાઈ જાય છે. અન્ય સર્વ વિચારો પાછા વળતાં ભગવાનની આરતીમાં ભક્ત નિમગ્ન બને છે. આ રીતે ભગવાનની પ્રાપ્તિનો આનંદ પ્રતિઘોષિત કરવાના હેતુથી તેમ જ ભગવાનનાં આરતી-પૂજનને અનુરૂપ દિવ્ય વાતાવરણનું નિર્માણ કરવાના હેતુથી આરતી વખતે ઝાલર, શંખ, નગારાં વગેરેનો નાદ કરવામાં આવે છે.

**૩. કોનું મન સ્ત્રીઓનું રૂપ દેખીને ચલાયમાન થતું નથી ? એ પ્રશ્નનો જવાબ આપતા લક્ષ્મણજી શું કહે છે ? (ભાવાર્થ લખો) (૯/૬૪) (નોંધઃ જવાબમાં શ્લોક કે ભાષાતંર બંનેમાંથી કોઈપણ એક લખ્યું હોય તો સાચું આપવું.)**

જ. બાળકના જન્મ પૂર્વે પણ માતા-પિતાનું આચરણ પવિત્ર હોવું જરૂરી છે. રામાયણમાં ભગવાન શ્રીરામ લક્ષ્મણજીને પૂછે છે, ''પુષ્પં દૃષ્ટ્વા દૃષ્ટ્વા સ્ત્રીણાં ચ યૌવનમ્ । ત્રીણિ રૂપાણિ દૃષ્ટ્વૈવ કસ્ય નો ચલતે મનઃ ॥ પુષ્પને, ફળને અને સ્ત્રીઓનું જોબન, આ ત્રણ રૂપ નીરખતા કોનું મન ચલાયમાન થતું નથી ? જવાબ આપતાં લક્ષ્મણજી કહે છે, પિતા યસ્ય શુચિર્ભૂતો માતા યસ્ય પતિવ્રતા । ઉભાભ્યામેવ સમ્ભૂતસ્તસ્ય નો ચલતે મનઃ ॥ જે વ્યક્તિના પિતા પવિત્ર હોય, માતા પતિવ્રતા હોય - આવાં માતાપિતાથી ઉત્પન્ન થયેલ વ્યક્તિનું મન ચલાયમાન થતું નથી.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ ૩)**

**૧. પૂજાવિધિમાં ભાવના જ પ્રધાન છે તો પછી સ્થૂળ ક્રિયાઓ અને બાહ્યોપચારની શી જરૂર છે ? (૩/૩૭)**

જ. સાધકના જીવનમાં ભાવનાની જાગૃતિ થઈ જાય, ત્યારે તેને સ્થૂળ ક્રિયાનું મહત્ત્વ રહેતું નથી. પરંતુ જે સાધક આવી સિદ્ધદશાને ખરા અર્થમાં પામે છે, તે બાહ્ય ક્રિયાઓને છોડી દેવાનું ક્યારેય પસંદ કરતો નથી. કારણ કે મનનો ક્યારેય વિશ્વાસ ન કરવો એવો શાસ્ત્રનો મત છે. મનનો વિશ્વાસ કરનારા યોગીનું મન કામને પેસવાનો અવકાશ નિરંતર આપે છે. વળી સિદ્ધ થયા પછી પણ બહુજનહિતાર્થે આ ક્રિયાઓ ચાલુ રાખવી જરૂરી છે. ગીતામાં પણ કહ્યું છે કે શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે. તે જેને પ્રમાણ બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે. મોટાનું અનુકરણ સૌ કરે. માટે સાચા માર્ગની નિસરણી શા માટે તોડી નાંખવી ? ભાવના સ્થિર થયા પછી બાહ્ય ક્રિયાઓ ભારરૂપ લાગતી નથી. એના માટે ક્રિયાઓ સહજ બની જાય છે. તેને છોડવાનો વિચાર સુધ્ધાં આવતો નથી. સંગીતકારો, રમતવીરો ક્યારેય પ્રૅક્ટિસ છોડતાં નથી. નિયમો પરિણાત્મક હોય છે તો ક્યારેક ભાવનાત્મક.

સૈનિકના નિયમો તેના અંતરમાં શિસ્તની ઊંડી અસર પાડે છે. જેને પરિણામે ગમે તેવા વિકટ સંજોગોમાં સૈનિક શિસ્તનું ઉલ્લંઘન કરતો નથી, હુકમનો અનાદર કરતો નથી, ત્યારે જીત થાય છે. આ રીતે સાધકના જીવનમાં ભાવનાઓની જાગૃતિ માટે, સ્થિરતા માટે, અન્ય જનો માટે આદર્શ સ્થાપિત કરવા નિયમો પાળવા જરૂરી છે.

**૨. બાળકની પ્રગતિનાં સોપાનો શાં હોઈ શકે ? (૯/૬૩)**

જ. બાળકના વિકાસનાં ઘણાં વિવિધ પાસાંઓ છે. (૧) શારીરિક વિકાસ (૨) બૌદ્ધિક વિકાસ (૩) માનસિક વિકાસ (૪) મનોસામાજિક વિકાસ (૫) નૈતિક વિકાસ (૬) આધ્યાત્મિક વિકાસ... શરૂઆતનાં વર્ષોમાં બાળકનું શારીરિક બંધારણ ઘડાય છે. તે સમયે યોગ્ય ખોરાક મળવો જરૂરી છે. બાળકના મનમાં ઊઠતી અનેક જીજ્ઞાસાઓને યોગ્ય રીતે સંતોષવાથી તથા આગળ જતાં શાળાકીય શિક્ષણથી એનો બૌદ્ધિક વિકાસ શક્ય બને છે. શારીરિક વિકાસ તે બાહ્ય છે. મનુષ્યનો આંતરિક વિકાસ બુદ્ધિ અને લાગણીઓના સંતુલન પર અવલંબે છે. બાળકમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા જાગે, બાળકને સદાચારનો મહિમા સમજાય અને એ પ્રકારનો સદાચાર પ્રગટે અન્ય વ્યક્તિઓની લાગણીઓ પણ સમજી શકે... આ છે એનો આંતરિક વિકાસ. બૌદ્ધિક વિકાસની સાથે આ કેળવણીની પણ આવશ્યકતા છે. આ કેળવણી અત્યારે શાળામાં શક્ય નથી. માતા-પિતાના યોગ્ય માર્ગદર્શનથી અને સંતોના સમાગમથી આ કેળવણી શક્ય બને છે.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદરથી વીસ લીટીમાં) (કુલ ગુણ ૬)**

**૧. ઘરસભા એટલે શું ? ઘરસભાથી શા લાભ થાય છે ? (૮/૫૮થી૬૦)**

જ. માણસ બૌદ્ધિક પણ છે અને લાગણીપ્રધાન પણ છે. માણસના પારસ્પરિક સંબંધો બુદ્ધિથી નહીં પણ લાગણીથી, સ્નેહથી બંધાયેલા હોય છે. સ્નેહના તાંતણે એકત્રિત થઈ રહેલા આબાલવૃદ્ધનો સમૂહ એટલે જ કુટુંબ કે પરિવાર. સ્નેહ વિના તો ટોળું કહેવાય. પરસ્પર સ્નેહ વિના માણસ સ્વકેન્દ્રી બની જતાં કોઈનું થોડું પણ સહન કરી શકતો નથી. કુટુંબના સમૂહમાં પોતાનું જ આગવું વ્યક્તિત્વ ઉપસાવવા મથતા અનેક પ્રશ્નો સર્જાય છે. આધુનિક યુગના ભોગવાદી વિચારોના ઝપાટાઓમાં સ્નેહના તંતુઓ છિન્નભિન્ન થઈ જાય છે. આ સ્નેહના તંતુઓને સમજણ અને જ્ઞાનના ઓપથી મજબૂત બનાવી, તેને ગૂંથી, એક કૌટુંબિક વસ્ત્ર તૈયાર કરતી હાથશાળ એટલે જ ઘરસભા. આત્મીયતાનો સેતુ એટલે ઘરસભા. ઘરની પ્રત્યેક વ્યકિતનું ઘડતર કરતી શાળા એટલે ઘરસભા. ઘરના પરિવારજનોની, આબાલવૃદ્ધોની સૌની સત્સંગ સભા એટલે ઘરસભા. સત્સંગ વ્યકિતને ઘડે છે. વ્યક્તિમાં સદાચારનાં બીજ વાવા છે. અંતર તપાસતાં શીખવે છે. પોતાના દોષ સાંભળી, અન્યના ગુણોને ગ્રહણ કરવાનો વિવેક શીખવે છે. પ્રભુભક્તિ વધે છે. નમ્રતા આવે છે. સત્સંગથી તો કંઈ કેટલાયે લાભ થાય છે. સત્સંગગંગા ઘરઆંગણે વહેતી થાય તો ઘર પણ તીર્થરૂપ બની જાય. ઘરને તીર્થ બનાવતી ગંગા એટલે ઘરસભા.

**ઘરસભાથી થતા લાભ : (૫૯-૬૦)** (૧) બાળકોમાં સારા સંસ્કારો પડે છે. (૨) બાળકોની ટીવી જોવાની કૂટેવ દૂર થાય છે. તેથી તેઓ અભ્યાસમાં તેજસ્વી બને છે. (૩) કુટુંબના યુવાનોમાં નમ્રતા આવે છે અને વડીલો માટે માન વધે છે. (૪) વ્યસનો દૂર થાય છે. (૫) કુટુંબીઓમાં આત્મીયતા થાય છે અને અણસમજણ ને ઝઘડાઓ દૂર થાય છે. (૬) ક્રોધ, સ્વાદ, ઈર્ષ્યા, માન જેવા દુઃખકારી સ્વભાવો ટળે છે. (૭) વ્યવહારના સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે. (૮) વ્યવહાર સુધરે છે (૯) ઘરમાં અખંડ શાંતિ રહે છે. (૧૦) હૃદયમાં ભગવાન અને સંતની શાશ્વત પધરામણી (૧૧) સત્સંગ શિક્ષણ આપતો ઉપવર્ગ (૧૨) રાજીપો પ્રાપ્ત કરવાનું એક અદ્વિતીય સાધન.

**૨. આહારશુદ્ધિ એટલે શું ? આહારમાં ડુંગળી, લસણ શા માટે ન લેવાય ? (૭૯-૮૦)**

જ. **આહારશુદ્ધિ એટલે શું ?** આહારશુદ્ધિનો હેતુ આપણે જાણ્યો. જે આહારથી આપણા મનમાં વિકારો જાગ્રત થતા હોય તેવા આહારનો ત્યાગ કરવો એ જ આહારશુદ્ધિ. ધર્મશાસ્ત્રોએ વિધાન કરેલા આહારને જીવનમાં અપનાવવા અને અન્ય આહારનો ત્યાગ કરવો એનું નામ આહારશુદ્ધિ. વિશેષતઃ જીવજંતુની હિંસા રહિત શુદ્ધ અન્નથી, ગાળેલા જળથી તથા અન્ય શુદ્ધ સામગ્રીથી સંપાદિત થયેલ આહારને જ સ્વીકારવાનું શાસ્ત્ર કહે છે. માંસાહારનો તો સમગ્રપણે નિષેધ જ છે. માદક પદાર્થો ત્યાજ્ય છે. તો વળી, ડુંગળી લસણ જેવી વનસ્પતિઓ પણ ત્યાજ્ય ગણી છે. શુદ્ધ શાકાહાર જ આહારશુદ્ધિનો પાયો છે. કેવળ અર્થદૃષ્ટિથી, પૈસા કમાવાની વૃત્તિથી તૈયાર થતી વાનગીઓ કે જે બજારમાં ફેરિયાઓ પાસે, નાના-મોટા રેસ્ટોરન્ટમાં અને હૉટલોમાં મળે છે તેમાં આવી શુદ્ધિ

ક્યાંથી સંભવી શકે ? અરે ! શુદ્ધિ તો ઠીક પણ ઘણુંખરું અશુદ્ધ જળ, હલકું સાફ કર્યા વિનાનું અનાજ વાસી સડી ગયેલાં શાક, ફળ વગેરેથી વાનગીઓ બનાવવામાં આવતી હોવાથી સામું સ્વાસ્થ્ય જોખમાય છે. હા, ક્યારેક વિશિષ્ટ હૉટલોમાં આરોગ્યપ્રદ શુદ્ધિ જળવાતી હોય, પરંતુ વાનગીઓનો વિશિષ્ટ સ્વાદ જાળવવા હિસાત્મક પ્રાણીજ પદાર્થો તથા માદક પદાર્થોનો ઉપયોગ સહેતુક થતો જોવા મળે છે. આથી બજારુ ખાણીપીણીનો ત્યાગ જ આહારશુદ્ધિ માટે અનિવાર્ય બની રહે છે.

**આહારમાં ડુંગળી, લસણ શા માટે ન લેવાય ?** આપણી પ્રિય વ્યક્તિ આપણને મળે. આપણે એને મળવા, વાતો કરવા દોડી જઈએ, ઉત્સાહભેર. પરંતુ એ વ્યક્તિ મોઢું ખોલે ને એમાંથી દુર્ગંધ-બદબૂ આવે તો ! આપણે એક ડગલું પાછા હટી જઈએ. મોં ફેરવી લઈએ. શા માટે ? પ્રિય વ્યક્તિ છે ને ! પણ દુર્ગંધ અસહ્ય છે. આપણે દૂર રહી વાતો કરીશું. ડુંગળી-લસણ વગેરે પણ ઉગ્ર ગંધી વનસ્પતિ છે. એના આહારથી એની ગંધ સમગ્ર શરીરમાં વ્યાપે છે. મુખમાંથી પણ એની ઉગ્ર ગંધ આવતી રહે છે તો અધોવાયુમાં કે પરસેવામાં પણ એની ઉગ્ર ગંધ અછતી રહેતી નથી. આની ઉગ્ર ગંધ સમગ્ર વાતાવરણને કલુષિત કરી દે છે. જે અન્ય જનો માટે અસહ્ય હોય છે. દરરોજ ખાય ડુંગળી એક, રાખે સૌને દૂર જ છેક. વ્યક્તિને સન્માનવા આપણે સુગંધી દ્રવ્યો છાંટી વાતાવરણને સુગંધી બનાવીએ પણ સન્માન કરનાર પોતે જ દુર્ગંધી હોય તે કેમ ચાલે? આ ઉગ્ર ગંધને કારણે જ આનો નિષેધ ઘણા સમાજમાં સ્વીકારાયેલો છે. વૈષ્ણવો ડુંગળી-લસણ ન ખાય. શિવપુરાણમાં કહ્યું છે કે શિવભક્તે દારૂ-માંસ-ડુંગળી-લસણ વગેરે ન ખાવાં. મનુસ્મૃતિમાં(૫-૫)માં કહ્યું છે, 'લસણ-ડુંગળી જાણીને ખાનાર બ્રાહ્મણ પતિત થાય છે' તો કુરાનમાં પણ કહ્યું છે કે 'જે ડુંગળી-લસણ ખાય તે અમારી મસ્જિદમાં ન આવે. અમારાથી અળગા રહે. તેને ઘેર બેસી રહે.' (હજરત સાહેબ કલમ-૪૪) ભગવાન સ્વામિનારાયણે પણ સમાજનો આ નિયમ સ્વીકારી ડુંગળી લસણ ન ખાવા આજ્ઞા આપી છે. વળી, ડુંગળી-લસણ તામસી આહાર છે. એનાથી જીવનમાં તમોગુણ મુખ્યપણે આવે છે. તમોગુણ કહેતાં જીવનમાં નિદ્રા, આળસ, મોહ વગેરે દુર્ગુણો વ્યાપક બને છે. મોહિત વ્યક્તિ સાચો નિર્ણય લઈ સાચા માર્ગ પર ચાલી શકતી નથી. આળસ, પ્રમાદ અને મોહને જ માણસના શત્રુ કહ્યા છે. મહાભારતમાં ઉદ્યોગપર્વમાં તો સનત્સુજાત ઋષિ કહે છે કે પ્રમાદ અને મોહ છે તે જ માયા છે. એનો ત્યાગ કરે તે માયાને તરી ગયો. તો માયાથી તરવા, પ્રમાદ-મોહનો ત્યાગ કરવા તમોગુણી આહારનો નિષેધ છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. - સામાન્યજ્ઞાન નિબંધ (કુલ ગુણ ૧૫) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં)**

**નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **ચૈતન્ય મંદિરોના નિર્માતા - પ્રમુખસ્વામી મહારાજ : (૧)** શ્રીજીમહારાજ દ્વારા ત્યાગનો પક્ષ મોળો કરીને ઉપાસના રહે તે માટે મંદિરોનું નિર્માણ. **(૨)** મુમુક્ષુ જીવ તેમજ હરિભક્તો મંદિરમાં આવે, દર્શન કરે, કથાવાર્તા, સંત-સમાગમથી સત્સંગમાં જોડાય - ભગવાન અને સંતમાં જોડાણ - સંતનો સંબંધ થાય, સંતમાં હેત થાય, આત્મબુદ્ધિ થાય - પ્રસંગો. **(૩)** શ્રીજીમહારાજ દ્વારા મંદિરોનું નિર્માણ - તે જ રીતે વર્તમાનકાળે ગુરુપરંપરા તેમજ વર્તમાનકાળે સ્વામીશ્રી દ્વારા મંદિરોનું નિર્માણ. આ મંદિરો ઈંટ, સિમેન્ટ, રેતી, ચૂનો વગેરેથી નિર્માણ પામ્યાં છે. પણ તે સાથે સ્વામીશ્રી દ્વારા ચૈતન્ય મંદિરોનું નિર્માણ - ચૈતન્ય મંદિર એટલે હરતાં ફરતાં મંદિરો, પ્રામાણિકતા, નીતિમત્તા, ધાર્મિકતાએ યુક્ત સત્સંગીઓ - હરિભક્તો (પ્રસંગો) **(૪)** આ હરિભક્તો કેવા ? લાખો રૂપિયાના હીરાનું પડીકું મળે, લાખો રૂપિયા ભરેલું પાકીટ મળે તો માલિકને પરત કરી દે - વિદ્યાર્થીઓ પરીક્ષામાં ચોરી ન કરે - ખોટે રસ્તે કદાપિ ન જાય - આ બધા જીવતા જાગતા ચૈતન્ય મંદિરો. (પ્રસંગો) **(૫)** ગુણાતીતાનંદ સ્વામી કહે છે તમારી પાસે મૂર્તિ તો છે પણ મંદિર વિના પધરાવશો ક્યાં? તેના પ્રત્યુત્તર રૂપે જાણે કે સ્વામીશ્રીએ અનેક ચૈતન્ય મંદિરો સર્જ્યાં કે જેમાં ભગવાન અને સંત મૂર્તિમાન બિરાજે છે. (પ્રસંગો) આવાં હરતાં ફરતાં મંદિરો જેવા ભક્તો સંતોની સમાજમાં અમીટ છાપ - ઊંડી છાપ - જેમ મંદિરમાં જવાથી સારા વિચારો આવે તેમ આવાં હરિભક્તોને જોઈને સમાજના મુમુક્ષુ જીવનના પરિવર્તન થાય. (પ્રસંગો) **(૬)** માટે જ, સ્વામીશ્રી દ્વારા સેંકડો હરતાં ફરતાં ચૈતન્ય મંદિરોથી સમાજની પ્રગતિ - પ્રસંગો. - ઉપસંહાર.

૨. **આદિવાસી સમાજની પડખે બી.એ.પી.એસ. સંસ્થા :** (૧) આદિવાસી એટલે સૂક્ષ્મ અર્થમાં જે ભગવાનની નજીક છે તે - સ્વામીશ્રી કહે છે આદિવાસી કુદરતની સૌથી નજીક - ભગવાનની કૃપા તેમના પર - કારણ ભોળી પ્રજા. (૨) સામાન્ય રીતે આદિવાસી પ્રજાને મતબેંક જ ગણવામાં આવેલી છે. તેમનો કોઈ અવાજ નહિ - કોઈ રજૂઆત નહિ - તેમને રાજ્યની કોઈ સગવડ નહિ - પરંતુ આવા અબૂધ આદિવાસી સમાજની પડખે સ્વામીશ્રીની રાહબરી નીચે બી.એ.પી.એસ. સંસ્થા તારણહાર બનીને ઊભી રહી ગઈ. (૨) લગભગ ૧૯૭૨થી સ્વામીશ્રી અને સંતો દ્વારા આ વિસ્તારોમાં ખૂબ કઠિન વિચરણ - આદિવાસીઓનાં નાના નાના કૂબામાં, ઝૂંપડે ઝૂંપડે સ્વામીશ્રીનું અને સંતોનું સતત વિચરણ - હાંફ ચઢી જાય, અનેક મુશ્કેલીઓ - ધોમધખતા તાપ, કડકડતી ઠંડી કે વરસાદ - આવી મુશ્કેલીઓ છતાં કાંઈપણ પરવા કર્યા વગર આદિવાસી સમાજની પડખે સ્વામીશ્રી તથા બી.એ.પી.એસ. (પ્રસંગો) (૩) વહેમ, વ્યસન, માંસાહાર, ભૂવા-ભગત વગેરે આદિવાસી પ્રજાના લોહમાં વણાયેલી ખાસિયત - સારા-નરસા કોઈપણ પ્રસંગે પશુ-પક્ષીની હિંસા - દારૂની રેલમછેલ - પૈસે ટકે ખુવાર પ્રજા - વ્યસનોમાં ગળાડૂબ - આવી પ્રજા પ્રત્યે સ્વામીશ્રીની અનુકંપા - આ ભોળી પ્રજા વચ્ચે સતત વિચરણ કરીને - સ્વામીશ્રી તેમજ સંસ્થા દ્વારા નૂતન ક્રાંતિ - હજારો આદિવાસીઓને વ્યક્તિગત મળીને નિર્વ્યસની કર્યા - વહેમ, મેલી વિદ્યાથી છોડાવ્યા, (પ્રસંગો) ઝૂંપડે ઝૂંપડે ઘૂમીને આ બધું ત્યાગ કરાવીને જીવનધોરણ ઊંચી સપાટીએ - સ્વામીશ્રીની સ્નેહભરી સમજાવટ, અપાર કરૂણાથી સંતોના પ્રયાસોથી આ પ્રજાને વ્યસનોની નાગચૂડમાંથી મુક્તિ (પ્રસંગો) જ્યાં ખૂબ ચોરી થતી એવા વિસ્તારમાં સંતોએ ફરીને એ પ્રદેશને સુરક્ષિત કરી દીધા - આ ગામમાં મંદિર બન્યું અને ચોરોનો મુખ્ય સરદાર તે ભક્ત બન્યો. (૪) અત્યારે મધ્ય ગુજરાત, દક્ષિણ તેમજ ઉત્તર ગુજરાત વગેરે આદિવાસી વિસ્તારોમાં મંદિરો સ્થાપ્યા. - ગામોગામ સંસ્કારધામો - કુટિર મંદિરો, હરિમંદિરોનું નિર્માણ - સંમેલનો, શિબિરો, અધિવેશનો યોજા. - હજારો ભક્તોની સભામાં બાળકો, કિશોરો યુવકો સુંદર પ્રવચન - આદિવાસી પ્રજા દ્વારા જાતે મહેનત કરીને મંદિરો તૈયાર - સત્સંગ પ્રવૃત્તિ ધમધોકાર - દરેક ઘરોમાં ઘરમંદિર - બાળમંડળો, મહિલામંડળો વગેરેના કારણ જાગૃતિ - આદિવાસીઓ પોતે કાર્યકરો બન્યા - તેઓ વ્યસનો છોડાવે - સત્સંગ કરાવે - આદિવાસી બાળકોનું શુદ્ધ જીવન જોઈ શાળાના શિક્ષકે વ્યસન છોડી દીધું. (પ્રસંગો) (૫) સંસ્થા દ્વારા શાળાઓ - ફરતાં દવાખાનાની સેવા - શૈક્ષણિક સહાય - સમૂહ લગ્નો કરાવાય - મફત રોગ નિદાન કેન્દ્રો - દવા-વિતરણ, વસ્ત્ર વિતરણ તેમજ અન્ય આવશ્યક સહાય - શિષ્યવૃત્તિઓ સંસ્થા દ્વારા અપાય છે. આદિવાસીઓમાં જીવન ઉત્કર્ષ માટે શિક્ષક જ્ઞાન-શિબિરો પ્રૌઢ શિક્ષણ, પ્રતિભા વિકાસ વગેરે પ્રવૃત્તિઓ - અમુક ગામોને 'નિર્મલ ગામ' નો રાષ્ટ્રપતિ એવોર્ડ - આદિવાસી નેતાઓ, આદિવાસી સંસદ સભ્યો પણ સંસ્થાની પ્રવૃત્તિથી અભિભૂત - જે કાર્ય રાષ્ટ્રસત્તા ન કરી શકે તે કાર્ય આ સંસ્થાના કર્મઠ ગુરુ તથા સંતો દ્વારા - સ્વામીશ્રીએ પોતાની સ્નેહલ ગંગા વહાવીને સંતોના, કાર્યકરોના સથવારે પ્રેમપૂર્વક આદિવાસીઓના જીવનને ઉન્નત, સમૃદ્ધ અને પ્રકાશયુક્ત કર્યું છે. (પ્રસંગો) (૬) આમ આદિવાસી સમાજની પડખે સંસ્થા છેલ્લા ચાર-ચાર દાયકાથી અડીખમ ઊભી છે અને ભવિષ્યમાં પણ રહેશે જ. - ઉપસંહાર.

૩. **વચનામૃતઃ એક અદ્વિતીય આધ્યાત્મિક ગ્રંથ :** (૧) વિશ્વમાં અનેક લેખકો, તત્ત્વચિંતકોના લખેલ અનેક ગ્રંથો - પરંતુ તેમાં આધ્યાત્મિક ગ્રંથોનું પ્રમાણ કેટલું ? અને આધ્યાત્મિક ગ્રંથોમાં પણ અદ્વિતીય કહેવાય તેવા કેટલા ? (૨) શ્રીજીમહારાજની (સ્વયં પૂર્ણ પુરુષોત્તમની) પરાવાણીનો ગ્રંથ અટેલે વચનામૃત - બાળવયથી જ સમસ્ત શાસ્ત્રોનો અભ્યાસ કરીને સારરૂપ ગુટકો તૈયાર કર્યો - વનવિચરણમાં જ્યાં જ્યાં જે જે અનુભવો થાય તે તેમણે વચનામૃતમાં નિરૂપ્યા. સેવકરામ, કાયસ્થના અવિવેકનું વગેરે અન્ય અનુભવો લખી શકાય - તેથી આ ગ્રંથમાં એક પણ શબ્દ કલ્પિત નથી સ્વયં અજમાવેલ, સ્વયં અનુભવેલ વાણી. (૩) ઉપદેશાત્મક ગ્રંથ સાધના માર્ગે આગળ વધતા સાધક માટે અનુભવગમ્ય, શાસ્ત્રસંમત ઉપદેશ - ઉપદેશ ગ્રહણ કરતા શ્રોતાઓ પણ કેવા ? સામાન્ય તેમજ અસામાન્ય - વિદ્વતા સભર સાથે સાથે કાઠી દરબારો જેવા અભણ છતાં બંને પ્રકારના શ્રોતાઓ માટે ઉપદેશ. દૃષ્ટાંતો આપી શકાય. (૪) પ્રામાણિક સંપાદક વૃંદ : જે પરમહંસોએ (ચાર) આ વચનામૃત ઝીલ્યાં - વાણી ઝીલી તેનો શબ્દેશબ્દ ગ્રંથસ્થ કરી - સંપાદક સંતોની પણ મહારાજ દ્વારા ટીકા છતાં તેમણે તે પણ ગ્રંથમાં ઉતારી - દૃષ્ટાંતો-પ્રસંગો લખવા (૫) ઐતિહાસિક પ્રમાણભૂતતા - કોઈપણ વચનામૃત શરૂ થાય ત્યારે તે દેશનું નામ સંવત, માસ, તિથિ, સમય, સામે બેઠેલ શ્રોતાઓ, મહારાજે ધારણ કરેલ વસ્ત્રો, આભૂષણો, વગેરે તેથી સચોટતા, ઐતિહાસિકતા. (દૃષ્ટાંતો આપી શકાય) (૬) સર્વ

શાસ્ત્રોના સારરૂપ વાતો - અનુભવગમ્ય વાતો - અને અપાયેલ ઉપદેશ પાછળનું પ્રેરક બળ ખુદ પુરુષોત્તમનારાયણ તેથી તેમના ઉપદેશની અસરકારકતા વિશેષ. (દૃષ્ટાંતો લખવા) (૭) વચનામૃતની અન્ય વિશેષતાઓ : વચનામૃતની ભાષા એકદમ સરળ, અભણને પણ સમજાય તેવી, પ્રશ્નોત્તર-શૈલી-જેને સાધનામાર્ગમાં મૂંઝવણ થાય તે મુમુક્ષુ પ્રશ્ન પૂછે અને મહારાજ તેનો સચોટ ઉત્તર કરી મુમુક્ષુના પ્રશ્નનું સમાધાન કરી આપે. (દૃષ્ટાંતો લખવા) (૮) રજૂઆત પણ એકદમ હળવી - દૃષ્ટાંત સભર-તળપદી દૃષ્ટાંતો કારીગર વર્ગને લગતા, ખેડૂતવર્ગને સ્પર્શતા દૃષ્ટાંતો અને શૈલી પણ સૂત્રાત્મક દૃષ્ટાંતો આપવા. (૯) વચનામૃત વિશે ગુરુપરંપરાના અભિપ્રાયો આપી શકાય. આમ, વચનામૃતની વિશેષતાઓ અને ઉપરના મુદ્દાઓ જોતાં કહી શકાય કે વચનામૃત અદ્વિતીય આધ્યાત્મિક ગ્રંથ છે. તેના જેવો બીજો ગ્રંથ નથી તેથી જ અદ્વિતીય અને ધાર્મિક ગ્રંથ આધ્યાત્મિક ગ્રંથ. - ઉપસંહાર.

❑ ❑ ❑